ઑસ્ટ્રેલિયામાં બાંગ્લાદેશની પ્રથમ ઐતિહાસિક ટેસ્ટ જીત

149 વર્ષના ઈતિહાસમાં ઓસ્ટ્રેલિયાની સૌથી શરમજનક હાર પૈકી એક

બાંગ્લાદેશે પ્રથમ ટેસ્ટ 9 વિકેટે જીતી

હસન મહમુદની કુલ 9 અને મેહદી હસનની બીજી ઈનિંગમાં 5 વિકેટ

શાંતોએ આ જીતને કોઈ પણ ફોર્મેટમાં બાંગ્લાદેશની સૌથી મોટી જીત ગણાવી

ડાર્વિન (ઓસ્ટ્રેલિયા), તા. 16 (એપી): બાંગ્લાદેશે ઑસ્ટ્રેલિયામાં પ્રથમ ટેસ્ટ મેચમાં 9 વિકેટે ઐતિહાસિક વિજય મેળવ્યો છે. ઑસ્ટ્રેલિયાની ધરતી પર બાંગ્લાદેશની આ પહેલી ટેસ્ટ જીત છે, જ્યારે ટોપ-રેન્ક્ડ ઑસ્ટ્રેલિયા સામે ટેસ્ટ ક્રિકેટમાં તેની આ માત્ર બીજી જીત છે.

ડાર્વિનના મરારા ઓવલ ખાતે રમાયેલી મેચમાં મેહદી હસન મીરાજે શાનદાર પ્રદર્શન કરતા બીજી ઈનિંગ્સમાં 5 વિકેટ ઝડપી હતી. તેના બોલિંગ આક્રમણ સામે ઑસ્ટ્રેલિયાની ટીમ બીજી ઈનિંગ્સમાં 284 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી, જેના પગલે બાંગ્લાદેશને જીતવા માટે માત્ર 57 રનનો લક્ષ્યાંક મળ્યો હતો.

નાના ટાર્ગેટનો પીછો કરતા બાંગ્લાદેશે શરૂઆતમાં પ્રથમ ઈનિંગ્સના સેન્ચુરિયન તન્ઝીદ હસનની વિકેટ શૂન્ય રને ગુમાવી દીધી હતી. જોકે, શાદમાન ઈસ્લામ (25 અણનમ) અને મોમિનુલ હકે (30 અણનમ) મક્કમતા બતાવીને 14.2 ઓવરમાં ટીમને વિજય અપાવ્યો હતો.

બાંગ્લાદેશના કેપ્ટન નજમુલ હુસૈન શાંતોએ આ જીતને કોઈ પણ ફોર્મેટમાં બાંગ્લાદેશની સૌથી મોટી જીત ગણાવી હતી. ઑસ્ટ્રેલિયા તરફથી કેમરૂન ગ્રીને 104 રન બનાવીને એકલા હાથે લડત આપી હતી. મેચ હીરો હસન મહમુદે પ્રથમ ઈનિંગ્સમાં 6 વિકેટ ઝડપી હતી, જેના કારણે ઑસ્ટ્રેલિયા પ્રથમ ઈનિંગ્સમાં 198 રન જ બનાવી શક્યું હતું. જવાબમાં બાંગ્લાદેશે 426 રન બનાવીને 228 રનની મજબૂત સરસાઈ મેળવી હતી. ત્યારબાદ બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયાને બીજી ઈનિંગ્સમાં 284 રને ઓલઆઉટ કરી હતી જેના પગલે તેમને 57 રનનો લક્ષ્યાંક મળ્યો હતો. 149 વર્ષના ટેસ્ટ ઈતિહાસમાં ઑસ્ટ્રેલિયા માટે આ ઘરઆંગણે સૌથી શરમજનક હાર પૈકીની એક છે.

અગાઉ શનિવારે મેચના ત્રીજા દિવસે ઑસ્ટ્રેલિયાની ટીમે બીજી ઈનિંગ્સમાં 161 રન પર 4 વિકેટ ગુમાવી દીધી હતી. ઑસ્ટ્રેલિયાના ટોપ ઓર્ડરના બેટ્સમેનો ફરી ફ્લોપ રહ્યા હતા, જેમાં જેક વેધરાલ્ડ શૂન્ય અને ટ્રેવિસ હેડ 17 રને આઉટ થયો હતો. માર્નસ લાબુશેન 31 અને સ્ટીવ સ્મિથ 44 રન બનાવીને પેવેલિયન ભેગા થતા ઑસ્ટ્રેલિયા પર હારનો ખતરો મંડરાઈ રહ્યો હતો. બીજી તરફ, જોશ હેઝલવુડે ટેસ્ટ ક્રિકેટમાં પોતાની 300 વિકેટ પૂરી કરી હતી.

ભારત પ્રથમ દાવ	રન	બોલ	4	6
જયસ્વાલ રન આઉટ	32	37	5	0
રાહુલ કો ફર્નાન્ડો બો નુવાન્થા	82	175	10	1
પડીકલ સ્ટ. ડિક્વેલા બો જયસૂર્યા	167	230	15	1
ગીલ કો ઈગાલાગામેજ બો જયસૂર્યા	16	28	2	0
પંત કો દિનુશા બો નુવાન્તા	39	62	4	1
જુરેલ કો ડી સિલ્વા બો જયસૂર્યા	51	68	4	1
જાડેજા એલબી બો નુવાન્તા	13	25	1	0
માનવ કો ઈગાલાગામેજ બો જયસૂર્યા	24	43	2	0
સિરાજ કો ડિસિલ્વા બો ફર્નાન્ડો	11	15	0	1
કુલદીપ રમતમાં	12	13	2	0
પ્રસિદ્ધ રમતમાં	1	4	0	0
વધારાના	12			
કુલ 116 ઓવરમાં 9 વિકેટે	460 રન			

વિકેટ પતન: 1-47, 1-197* (કે એલ રાહુલ, રીટાયર્ડ નોટ આઉટ), , 2-236, 3-307, 4-319, 5-357, 6-377, 7-432, 8-447, 9-447

બોલિંગ	O	M	R	W
અસિતા ફર્નાન્ડો	17	1	61	1
લાહિરુ કુમારા	13	1	76	0
કેશારા નુવાન્તા	39	1	175	3
પ્રભાત જયસૂર્યા	39	6	109	4
ધનંજય ડિ'સિલ્વા	4	0	15	0
સોનલ દિનુશા	4	0	17	0

બાંગ્લાદેશની ઐતિહાસિક જીત સાથે બન્યા કેટલાંક રેકોર્ડ

» બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયાને 9 વિકેટે હરાવ્યું હતું. ટેસ્ટ ક્રિકેટમાં વિકેટોની દ્રષ્ટિએ બાંગ્લાદેશની આ બીજી સૌથી મોટી જીત છે. બાંગ્લાદેશની સૌથી મોટી જીત 2024માં પાકિસ્તાન સામે આવી હતી, જ્યારે ટીમે 10 વિકેટે વિજય મેળવ્યો હતો.

» સેના (SENA - સાઉથ આફ્રિકા, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા) દેશોમાં ટેસ્ટ ક્રિકેટમાં બાંગ્લાદેશની આ માત્ર બીજી જીત છે. આ પહેલા તેમણે 2022માં ન્યુઝીલેન્ડમાં ટેસ્ટ મેચ જીતી હતી.

» ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ ક્રિકેટમાં બાંગ્લાદેશની આ એકંદરે બીજી જીત છે, જ્યારે આ અગાઉ તેમણે 2017માં ઢાકા ખાતે કાંગારૂઓને હરાવ્યા હતા.

» ઓસ્ટ્રેલિયાની ધરતી પર માત્ર 3 પ્રયાસોમાં બાંગ્લાદેશે પોતાની પ્રથમ ટેસ્ટ જીત નોંધાવી છે. આ પહેલા બાંગ્લાદેશે 2003માં ઓસ્ટ્રેલિયામાં 2 ટેસ્ટ રમી હતી અને બંનેમાં ઈનિંગ્સથી પરાજય થયો હતો.

» મુલાકાતી ટીમોમાંથી ઓસ્ટ્રેલિયામાં પોતાની પ્રથમ ટેસ્ટ જીત મેળવવા માટે માત્ર ઈંગ્લેન્ડે બાંગ્લાદેશ કરતાં ઓછા (2) મુકાબલા લીધા હતા. સાઉથ આફ્રિકાએ પણ પોતાના ત્રીજા પ્રયાસમાં જ ઓસ્ટ્રેલિયામાં પ્રથમ ટેસ્ટ મેચ જીતી હતી.

» હસન મહમુદે ડાર્વિન ટેસ્ટમાં 111 રન આપીને 9 વિકેટ ઝડપી હતી, જે ટેસ્ટ ક્રિકેટમાં બાંગ્લાદેશના ફાસ્ટ બોલરનું બીજું શ્રેષ્ઠ પ્રદર્શન છે.

» ઓસ્ટ્રેલિયામાં પોતાની પ્રથમ ટેસ્ટ રમી રહેલા વિદેશી ખેલાડીઓ પૈકી હસન મહમુદનું આ પ્રદર્શન ત્રીજા નંબરે આવે છે. આ યાદીમાં 1990માં મેલબોર્નમાં વસીમ અકરમ અને 1924માં સિડનીમાં મોરિસ ટેટે 11-11 વિકેટ ઝડપી હતી.

» પ્રથમ ઈનિંગ્સમાં ટોસ જીતીને બેટિંગ કરતા બાંગ્લાદેશ સામે કોઈ પણ ટીમનો 198 રનનો સ્કોર સૌથી ઓછો સ્કોર છે. આ સાથે ટેસ્ટ ક્રિકેટમાં બાંગ્લાદેશ સામે ઓસ્ટ્રેલિયાનો આ અત્યાર સુધીનો સૌથી ઓછો સ્કોર પણ છે.

» 2019માં સિડની ખાતે કુલદીપ યાદવના પ્રદર્શન બાદ મેહદી હસન મીરાજ ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ ઈનિંગ્સમાં 5 વિકેટ ઝડપનારો પ્રથમ મુલાકાતી સ્પિનર બન્યો છે.

» જોશ હેઝલવુડ ટેસ્ટ ક્રિકેટમાં 300 વિકેટ લેનારો ઓસ્ટ્રેલિયાનો 9મો બોલર બની ગયો છે.

ઑસ્ટ્રેલિયામાં પ્રથમ ટેસ્ટ જીતવા કયા દેશે કેટલી મેચ લીધી

ઈંગ્લેન્ડ	2 મેચ
દક્ષિણ આફ્રિકા	3
બાંગ્લાદેશ	3
વેસ્ટઈન્ડિઝ	5
પાકિસ્તાન	7
ન્યૂઝીલેન્ડ	7
ભારત	12

શ્રીલંકાથી શરૂ થતું WTCનું અભિયાન અને ટીમ ઈન્ડિયા સામેના પડકારો

આઈપીએલમાં પૂર્ણ પારદર્શિતા જાળવવામાં આવે જેથી તેનાથી ઈર્ષ્યા કરતા લોકો તેના પર આંગળી ન ચીંધી શકે

આઈસીસી WTC ફાઈનલમાં સ્થાન મેળવવા માટેની ભારતની સફર શ્રીલંકાથી શરૂ થાય છે. તેઓ ત્યાં 2 ટેસ્ટ મેચ રમશે અને ત્યારબાદ નવેમ્બરમાં ન્યુઝીલેન્ડમાં 2 ટેસ્ટ મેચ રમશે. ઓસ્ટ્રેલિયા સામેની 5 ટેસ્ટ મેચોની સિરીઝ કદાચ એ નક્કી કરશે કે ભારત પાસે ફાઈનલ માટે ક્વોલિફાય થવાની વાસ્તવિક તક છે કે નહીં. પરંતુ એ માટે, તેમણે શ્રીલંકા અને ત્યારબાદ ન્યુઝીલેન્ડ એમ બંને વિદેશી સિરીઝ જીતવી પડશે. તે સરળ નહીં હોય કારણ કે હોમ ટીમ (ઘર આંગણાની ટીમ)ને હરાવવી ક્યારેય આસાન નથી હોતી. ભારતે પોતાના આંગણે ઓસ્ટ્રેલિયા સિરીઝનું આયોજન કરતા પહેલા આ બંને દેશો સામે પોતાની શ્રેષ્ઠ ક્રિકેટ રમવી પડશે. તાજેતરના સમયમાં, પોતાના આંગણે રમાયેલી સિરીઝ પણ જીતવી મુશ્કેલ સાબિત થઈ છે, જેમાં ઘરઆંગણે ન્યુઝીલેન્ડ સામેની તમામ 3 ટેસ્ટમાં હાર અને ત્યારબાદ સાઉથ આફ્રિકામાં બંને ટેસ્ટ મેચમાં પરાજય થયો હતો.

ભારતીય ટીમ ઈજાની સમસ્યાઓથી ઘેરાયેલી લાગે છે અને તેઓ તેમના મુખ્ય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ વગર રમી રહ્યા છે. આમ છતાં, ભારતે ગયા વર્ષે ઈંગ્લેન્ડમાં બંને ટેસ્ટ મેચ જીતી હતી જ્યાં વર્કલોડના કારણે બુમરાહ રમ્યો નહોતો. બુમરાહ એક મેચ-વિનર છે અને જો તે ન રમે તો પણ ચેન્જ રૂમમાં તેની માત્ર હાજરી જ ટીમના અન્ય ફાસ્ટ બોલરો માટે પ્રોત્સાહનનો મોટો સ્રોત બની રહે છે. તે એક લીડર છે અને ટીમના નવા તેમજ અનુભવહીન બોલરોને માર્ગદર્શન આપવાની જવાબદારી પોતાના શિરે લે છે. ઓવલ ટેસ્ટમાં તેણે જે રીતે મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણાને માર્ગદર્શન આપ્યું હતું તે જુઓ, જ્યાં ભારતે હારના મોંમાંથી જીત છીનવી લીધી હતી. ગુરનૂર બરાર અને આકિબ નબી માટે આ મહાન ખેલાડીના અનુભવનો લાભ લેવો અને ફાસ્ટ બોલિંગ વિશે થોડું-ઘણું શીખવું ખરેખર અદ્ભુત રહ્યું હોત.

લેઈટ કટ

- સુનિલ ગવાસ્કર

બુમરાહને ઘૂંટણની ઈજા છે, પરંતુ એવું જોવા મળ્યું છે કે મોટાભાગના ભારતીય ખેલાડીઓ હેમસ્ટ્રિંગની ઈજાથી પીડાય છે. સ્પષ્ટપણે તેમની તાલીમમાં કંઈક ખામી છે અને તેથી જ આ હેમસ્ટ્રિંગની ઈજાઓ વારંવાર થઈ રહી છે. આ ઈજાઓ ત્યારે થાય છે જ્યારે તેઓ ભારત માટે રમતા હોય છે, પરંતુ દુર્ભાગ્યે એનો દોષ બીસીસીઆઈ સેન્ટર ઓફ એક્સેલન્સના ફિઝિયો પર મઢી દેવામાં આવે છે.

સો-કોલ્ડ બાયોમિકેનિક્સ - જેમાં બોલર નેટ્સમાં પ્રેક્ટિસ દરમિયાન અમુક ચોક્કસ સંખ્યામાં જ બોલિંગ કરી શકે છે - તે એક શંકાસ્પદ પદ્ધતિ છે. આઈપીએલમાં પણ જાણવા મળ્યું છે કે કેટલાક વિદેશી ફિઝિયો બોલરોને નેટ્સમાં 20થી વધુ બોલ ફેંકવા દેતા નથી. જો મેચમાં તમે 24 બોલ ફેંકવાના હોવ (જો તમે નો-બોલ કે વાઈડ ન ફેંકો તો), તો નેટ્સમાં તેનાથી ઓછા બોલ ફેંકવાથી કેવી રીતે મદદ મળશે? આ એક એવો મુદ્દો છે કે જેના પર ગંભીરતાથી વિચારવાની જરૂર છે કે આ ઈજાઓ વારંવાર કેમ થઈ રહી છે. જિમ ફિટ હોવા કરતાં મેચ ફિટ હોવું વધુ મહત્વનું છે. પરંતુ, કદાચ હું એવી પેઢીમાંથી આવું છું કે જેના ફિટનેસ અંગેના વિચારો અલગ હતા.

ટેસ્ટ સિરીઝ શરૂ થઈ રહી છે ત્યારે પણ, મીડિયામાં ખેલાડીઓના એક ફ્રેન્ચાઈઝીમાંથી બીજી ફ્રેન્ચાઈઝીમાં ટ્રાન્સફર થવાની શક્યતાઓને લઈને અટકળો ચાલી રહી છે. અલબત્ત, એ ટ્રાન્સફર વિન્ડો બંધ થવામાં હજુ થોડો સમય બાકી છે. જો કે, જ્યારે કોઈ ખેલાડીનું એક ફ્રેન્ચાઈઝીમાંથી બીજી ફ્રેન્ચાઈઝીમાં ટ્રાન્સફર પબ્લિક ડોમેન (જાહેર જાણકારી)માં હોય છે, ત્યારે ટ્રેડિંગ થાય ત્યારે તેના આંકડા માત્ર બે ફ્રેન્ચાઈઝી, ખેલાડી અને બીસીસીઆઈને જ ખબર હોય છે. આવી સ્થિતિમાં અન્ય ફ્રેન્ચાઈઝીઓને ખબર નથી હોતી કે દરેક ફ્રેન્ચાઈઝી પાસે તેની સ્કવોડ માટે જે સેલરી કેપ (ખર્ચની મર્યાદા) છે જળવાઈ રહી હતી કે તેનો ભંગ થયો હતો. એટલા માટે પૂર્ણ પારદર્શિતા માટે એ જરૂરી છે કે આ આંકડા પણ સાર્વજનિક કરવામાં આવે. આઈપીએલ એ વિશ્વની સૌથી મોટી T20 લીગ છે અને તેથી એ મહત્વનું છે કે તેમાં પૂર્ણ પારદર્શિતા જાળવવામાં આવે જેથી તેનાથી ઈર્ષ્યા કરતા લોકો તેના પર આંગળી ન ચીંધી શકે.

ભારતીય મહિલા ટીમે ઓલિમ્પિક મેડાલિસ્ટ ચીનને ડ્રો પર રોક્યુ

મહિલા હોકી વર્લ્ડકપમાં નવનીત કૌર અને દીપિકાના ગોલથી ભારતે ચીનને આપી સખત લડત

એમ્સટેલવીન (નેધરલેન્ડ), તા. 16 (પીટીઆઈ): ભારતીય મહિલા હોકી ટીમે વર્લ્ડકપના પોતાના પ્રથમ મુકાબલામાં શાનદાર પ્રદર્શન કરતા પેરિસ ઓલિમ્પિક્સના સિલ્વર મેડાલિસ્ટ ચીનને 2-2થી ડ્રો પર રોકી દીધું હતું. પુલ Dની આ રોમાંચક મેચમાં હાફટાઈમ સુધી ભારતીય ટીમ 2-1થી આગળ હતી.

મેચની 8મી મિનિટે નવનીત કૌરે ફિલ્ડ ગોલ કરીને ભારતને 1-0ની લીડ અપાવી હતી. ચીન તરફથી ઝાંગ યિંગે 14મી મિનિટે પેનલ્ટી સ્ટ્રોકથી ગોલ કરીને સ્કોર સરભર કર્યો હતો. ત્યારબાદ 24મી મિનિટે દીપિકાએ પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવીને ભારતને ફરી 2-1 થી આગળ કર્યું હતું. ચીન તરફથી મા નિંગે 39મી મિનિટે પેનલ્ટી કોર્નરથી ગોલ કરીને મેચ 2-2થી બરાબરી પર આણી હતી. ભારત તરફથી 314મી આંતરરાષ્ટ્રીય મેચ રમી રહેલી ગોલકીપર સવિતાએ ચીનના કેટલાક ઉત્કૃષ્ટ શૉટ રોકીને ટીમને હારથી બચાવી હતી.

ભારતીય ટીમ હવે 18 ઓગસ્ટે દક્ષિણ આફ્રિકા સામે રમશે.

સુડોકુ 'કૂટ'

		૧				૪	૫	૭
૫		૬	૪		૧			૨
		૪	૭		૯	૬	૧	૮
૭			૧	૨	૮	૯		
૬								
૧	૮				૫		૭	૪
				૭	૬		૪	૧
૨		૮	૫	૧	૪		૩	૯
૪	૧	૭	૮		૩		૨	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૬	૨	૫	૯	૩	૭	૦	૬	૨
૩	૯	૦	૨	૬	૫	૭	૬	૨
૬	૨	૭	૬	૦	૨	૫	૯	૩
૨	૦	૫	૫	૯	૬	૨	૦	૭
૯	૭	૨	૫	૬	૩	૯	૨	૬
૫	૬	૯	૩	૨	૬	૯	૨	૫
૭	૨	૬	૦	૨	૬	૯	૫	૩
૩	૫	૨	૬	૯	૫	૨	૭	૬
૦	૫	૨	૬	૭	૩	૬	૦	૯

દરરોજ-૭૬૩૩ ક્રિસ્ટિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

સસણી, ખાંસી

આકડાના ફૂલ ખરી પડ્યાં હોય તે વીણી લાવવા. કપડાં પર પાથરી સૂકવવા. એનાથી અડધા ભાગે કાળા મરી ભેળવી દળી લો. ખપ પૂરતો ગોળ ભેળવી મગના દાણા જેવી ગોળીઓ કરવી. સવાર, સાંજ એક એક ગોળી લેવી.

શ્રીલંકા સામે બીજા દિવસે ભારતના 9 વિકેટે 460 રન

પડિક્કલના 167 અને જુરેલ-સુથારની મહત્ત્વપૂર્ણ ભાગીદારીથી ભારત સુરક્ષિત સ્થિતિમાં

વરસાદ બાદ લંકાના સ્પિનરો ચમક્યા: રાહુલ-પંત નિષ્ફળ

ગૉલ, તા.16 (પીટીઆઈ): દેવદત્ત પડિક્કલના શાનદાર 167 રન અને ધ્રુવ જુરેલની અડધી સદીની મદદથી ભારતે શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટના બીજા દિવસે રમતના અંતે 9 વિકેટે 460 રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. દિવસના અંતે કુલદીપ યાદવ (12) અને પ્રસિદ્ધ કૃષ્ણા (1) રન બનાવીને ક્રિઝ પર હતા. વરસાદના કારણે બીજા દિવસની રમત મોડી શરૂ થઈ હતી.

ગઈકાલના બે વિકેટે 288 રનના સ્કોરથી આગળ રમતા ભારતે બીજા દિવસે 172 રન ઉમેરવામાં 7 વિકેટ ગુમાવી દીધી હતી. ગઈકાલના નાઈટવોચમેન ઋષભ પંત 39 રને કેશરા નુવંથાનો શિકાર બન્યો હતો. ત્યારબાદ કે એલ રાહુલ પણ ગઈકાલના સ્કોરમાં માત્ર 4 રન ઉમેરીને 81 રને આઉટ થયો હતો. પડિક્કલે 215 બોલમાં પોતાના 150 રન પૂરા કર્યા હતા અને તે 167 રનના વ્યક્તિગત સ્કોરે પ્રભાત જયસૂર્યાની બોલિંગમાં આઉટ થયો હતો.

રવિન્દ્ર જાડેજા (12) જલ્દી આઉટ થયા બાદ ધ્રુવ જુરેલે શાનદાર બેટિંગ કરતા મહત્વપૂર્ણ અડધી સદી ફટકારી હતી. તેણે માનવ સુથાર (24) સાથે મળીને સાતમી વિકેટ માટે 55 રનની ભાગીદારી નોંધાવી હતી. ઈજાગ્રસ્ત ઓલરાઉન્ડરોની ગેરહાજરીમાં નિચલા ક્રમના

શ્રીલંકાની ધરતી પર ભારતીયો દ્વારા શ્રેષ્ઠ ટેસ્ટ સ્કોર:

ખેલાડીનું નામ	સ્કોર
સચિન તેંડુલકર	203
વિરેન્દ્ર સેહવાગ	201*
શિખર ધવન	190
દેવદત્ત પડિક્કલ	167
ચેતેશ્વર પૂજારા	153
સૌરવ ગાંગુલી	147

પડિક્કલે ફટકારી પોતાની પ્રથમ ટેસ્ટ સદી

શ્રીલંકા સામે દેવદત્ત પડિક્કલે પોતાની પ્રથમ સદી ફટકારીને ઈતિહાસ રચ્યો હતો. મેચના બીજા દિવસે પડિક્કલ 230 બોલમાં 15 ચોગ્ગા અને 1 છગ્ગાની મદદથી 167 રન બનાવીને આઉટ થયો હતો.

» શ્રીલંકાની ધરતી પર ટેસ્ટ મેચમાં 150 કે તેથી વધુ રનની ઈનિંગ્સ રમનારો પડિક્કલ પાંચમો ભારતીય બેટ્સમેન બની ગયો છે. આ અગાઉ માત્ર વિરેન્દ્ર સેહવાગ, સચિન તેંડુલકર, શિખર ધવન અને ચેતેશ્વર પૂજારા જેવા દિગ્ગજો જ આ સિદ્ધિ મેળવી શક્યા હતા.

» આ ઉપરાંત રાહુલ દ્રવિડ (177 રન, અમદાવાદ, 2009) અને ચેતેશ્વર પૂજારા (153 રન, ગેલ, 2017) પછી શ્રીલંકા સામે નંબર 3 પર બેટિંગ કરતા 150થી વધુ રન બનાવનારો પડિક્કલ ત્રીજો ભારતીય બેટ્સમેન બન્યો છે.

બેટ્સમેનોના યોગદાનથી ભારતીય ટીમ મજબૂત સ્થિતિમાં પહોંચી ગઈ હતી. શ્રીલંકા તરફથી નુવંથા અને જયસૂર્યાએ સ્પીન બોલિંગમાં વાપસી કરાવવાનો પ્રયાસ કર્યો હતો.

હોકી વર્લ્ડકપમાં ભારતનો વિજયારંભ: વેલ્સને 3-1 થી હરાવ્યું

સ્વતંત્રતા દિવસે ભારતની શાનદાર રમત, કેપ્ટન હરમનપ્રીત સિંહના 2 ગોલ

એમ્સચેલવીન (નેધરલેન્ડ), તા. 15 (પીટીઆઈ): ભારતીય પુરૂષ હોકી ટીમે દેશના સ્વતંત્રતા દિવસે વર્લ્ડકપ અભિયાનની શાનદાર શરૂઆત કરતા પુલ D ની મેચમાં વેલ્સને 3-1 થી હરાવ્યું હતું. નેધરલેન્ડ્સના વાગેનર સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં ભારતીય કેપ્ટન અને 'પ્લેયર ઓફ ધ મેચ' હરમનપ્રીત સિંહે પેનલ્ટી કોર્નર દ્વારા 2 ગોલ કર્યા હતા, જ્યારે સંજયે 1 ગોલ નોંધાવ્યો હતો.

મેચની 8મી મિનિટે સંજયે ડાયરેક્ટ ડ્રેગ-ફ્લિકથી ગોલ કરીને ભારતને 1-0 થી આગળ કર્યું હતું. ત્યારબાદ 11મી અને 43મી મિનિટે હરમનપ્રીત સિંહે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવીને ભારતની લીડ 3-0 કરી દીધી હતી. બીજી તરફ વેલ્સ તરફથી સેમ વેલ્શે 56મી મિનિટે એકમાત્ર ફિલ્ડ ગોલ કર્યો હતો. ભારતીય ગોલકીપર સૂરજ કરકેરા અને મોહિત એચએસના ઉત્કૃષ્ટ સેવે વેલ્સને વધુ ગોલ કરતા રોક્યા હતા.

નવા ટૂર્નામેન્ટ ફોર્મેટમાં ગોલ ડિફરન્સ મહત્વનો હોવાથી, હેડ કોચ ક્રેગ ફુલ્ટન ઈંગ્લેન્ડ સામેની આગામી મેચ પહેલા ટીમની ડિફેન્સની ભૂલો સુધારવા ઈચ્છશે.

આજનું પંચાંગ

તા. 17/08/2026, સોમવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** શ્રાવણ
તિથિ: સુદ: પાંચમ : 17:01, શિવમુષ્ટિ યોખા,
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : શ્રાવણ:26
નક્ષત્ર : ચિત્રા 28:59
યોગ : શુભ **કરણ:** કૌવલ **રાશિ:** કન્યા (પ,ઠ,ણ) 16:21 પછી તુલા (ર.ત.)
દિવસ : શુભ - શિવપૂજન, સૂર્ય સિંહમાં : 07:59 થી નાગપંચમી
સુરતમાં સૂર્યોદય : 06:19 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:06 **નવકારસી :** 07:07
પારસી વર્ષ : 1396 ફરવરદીન માસનો 03જો રોજ
મુસલમાન વર્ષ : 1448 રબિઉલ અવલ માસનો 03જો રોજ
દિવસનાં ચોઘડિયાં: અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
રાત્રિનાં ચોઘડિયાં: ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
રાહુકાળ: સવારે : 07:30 થી 09:00 સુધી

મેષ (અ,લ,ઇ,): ગુસ્સા અને તણાવ પર કાબૂ રાખવો. વિક્ષિપ્ત વાતાવરણમાં કામ કરવાનું બનશે. આરોગ્ય નરમ રહે. હકારાત્મક રહેવું.
વૃષભ (બ,વ,ઉ,): અંગત જીવનમાં વિરોધનો અનુભવ થાય. કાર્યક્ષેત્રે કામની કદર થાય. પ્રેમમાં ગેરસમજ થાય. નવા આર્થિક રોકાણ થાય.
મિથુન (ક,છ,ઘ,): સખત દોડ ધામ અને પરિશ્રમનો દિવસ રહેશે. નવા કામ કરવાની યોજનામાં પરિવારમાં સાથ મળે. પ્રવાસ થાય.
કર્ક (ડ,હ,): પ્રતિષ્ઠા વધે. પ્રેમ લગ્નની યોજનામાં મિત્રોનો સાથ મળે. તમારી પ્રતિભાને વિકસાવવાની તક મળે. આવક વધશે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ,ટ,): પરિવારમાં વડીલોના આરોગ્યની ચિંતા અને ખર્ચા સતાવે. વાદ-વિવાદ અને પ્રતિક્રિયાથી બચવું.
કન્યા (પ,ઠ,ણ,): માનસિક અશાંતિ અને ક્રિયાશીલતા કામમાં વિલંબ પેદા કરશે. ભૂતકાળની ભૂલોથી વધુ શીખવા મળે.
તુલા (ર,ત,): જૂના દેવાની ચિંતા સતાવે. મિત્રો સાથે અણબનાવ થાય. સંતાનોની સમસ્યા સતાવે. ગુપ્ત ભય રહે.
વૃશ્ચિક (ન,ય,): અચાનક સફળતા મળે. આર્થિક લાભ થાય. મિત્રોનો સાથ મળે. વિદ્યાર્થીઓને તક મળે. શેર બજારમાં લાભ.
ધન (ભ,ધ,ફ,ઢ,): જાહેર જીવન અને રાજકારણ સાથે જોડાયેલ લોકોએ સાવધાની રાખવી. અસાંત મન પર કાબૂ અને આગળ વધવું.
મકર (ખ,જ,): આત્મવિશ્વાસ વધે તેવા સમાચાર મળે. જાહેર જીવન અને સોશિયલ મીડિયા સાથે સંકળાવાની તક મળે.
કુંભ (ગ,સ,શ,ષ,): તમારા રહસ્ય અને જ્ઞાનની કોઇ આગળ ચર્ચા કે શેર કરવાનું ટાળવું. કામનો બોજ વધશે.
મીન (દ,ચ,ઝ,થ,): નવી જગ્યાએ કામ કરવાનું બને. નોકરીમાં સ્થાનાંતર થાય. પરિવારમાં આનંદમય વાતાવરણ રહે.

કોઈ પણ સાલમાં 17 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રીતે ચડતી-પડતીની સાથે નવી શરૂઆત અને નોકરીમાં પ્રમોશન તથા ધંધામાં આવક વધારનાર રહેશે. ટેકનોલોજીનો ઉપયોગ મદદરૂપ બને. સમાજમાં માન વધે.આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવે. નવા રોકાણ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિથી મનનું શાંતિ મળે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમવિવાહમાં મદદ મળે. આરોગ્ય સામાન્ય રહે.આવક વધારવાની યોજનામાં ચડતીપડતી રહે. હરીફોથી અશાંતિ વધે. નવા ઘર, વાહન, મકાનની યોજના સફળ બને. વિદેશના કામમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને ભગ્યનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં મિત્રો-વડીલોની મદદ મળે. યાત્રા-પ્રવાસ ધર્મકર્મ થાય. ડિસેમ્બર-જાન્યુઆરી, ફેબ્રુઆરી, શુક્ર શનિવાર, 08, 17, 26 તારીખે નવા કામ કરવા. કાળા અને નીલા રંગનો ઉપયોગ વધારવો. માર્ચ - એપ્રિલ બુધવાર, 07, 16, 25 તારીખે નવા કામ ટાલવા સોનેરી રંગનો ઉપયોગ ટાળવો. શનિવારના ઉપાય કરવા.